

सा विद्या या विमुक्तये
અમદાવાદ
ગુજરાત વિદ્યાપીઠ

# साबरमती

नदीमुखेनैव समुद्रमाविशेत्

અંક:06 | જૂન 2026

અધિક-જયેષ્ઠ

# સાંકળિયું


1. વિશ્વ પર્યાવરણ દિવસ 2026: જળવાયુ પરિવર્તન સારુ સહિયારો સંકલ્પ............. 4
- નિમિષા શુક્લ

2. 21મી સદીમાં દરિયાઈ પ્રદૂષણની અવગણના આપણાથી શક્ય છે? .................. 6
- ધારા વઘાડીયા

3. યોગ: ભારતીય સંસ્કૃતિનો અધ્યાત્મમય વૈભવ ...................................... 8
- વર્ષા જોષી

4. જળજન્ય રોગો: આરોગ્ય માટેનાં અદૃશ્ય જોખમો ..................................10
- પ્રીતિ શુક્લ

5. યુવા સંગમ: વિવિધતામાં એકતાનો જીવંત અનુભવ ................................12
- પ્રિયાંશી સોંડાગર

6. પ્રવૃત્તિ દર્પણ................................................................19
- અદ્વૈતા દવે
  - અભ્યાસક્રમ સંરચના કાર્યશાળા 2026
  - શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ની પ્રવેશ પ્રક્રિયા
  - જાહેર પરિવહનના ઉપયોગ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ
  - સામયિક સંવાદ: PRASAR યોજનાનો પ્રારંભ
  - SWAPNA: SWABHIMAN PROJECT FOR NURTURING APTITUDE
  - નવા શૈક્ષણિક વર્ષની મંગલમય શરૂઆત
  - વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ
  - યોગમય બન્યો વિદ્યાપીઠ પરિવાર
  - વિવિધ મહત્ત્વની સમિતિઓની બેઠકોનું આયોજન



તંત્રી
ડૉ. હર્ષદ પટેલ

પ્રકાશક
ડૉ. હિમાંશુ પટેલ

મુખ્ય સંપાદક
ડૉ. ધ્વનિલ પારેખ

સંપાદન મંડળ
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

ગ્રાફિક ડિઝાઇન
યોગેશ પ્રજાપતિ

# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**

જૂન મહિનો ચાલે છે અને હજી ગરમીનો પ્રકોપ ઓછો થયો નથી. વરસાદ આવું આવું થાય છે અને એકાદવખત અલપઝલપ હાજરી નોંધાવી ગયો છે પણ હજી ઉકળાટ ઓછો થયો નથી. વાતાવરણમાં એક અજબ પ્રકારની બેચેની અનુભવાય છે. આ મહિનામાં શિક્ષણ સાથે સંકળાયેલા અધ્યાપકોનું વેકેશન પણ પૂર્ણ થાય છે અને વિદ્યાપીઠ સંકુલ ઉપરની પ્રવૃત્તિઓ પણ ધીમેધીમે પૂર્વવત્ થઈ રહી છે.

કોઈપણ શૈક્ષણિક સંસ્થા માટે એનો અભ્યાસક્રમ એક અગત્યનો ઘટક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત તૈયાર થયેલ અભ્યાસક્રમનું વારંવાર મૂલ્યાંકન થાય એ હેતુથી 22 અને 23 જૂન દરમિયાન અભ્યાસક્રમ સંરચના કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિગતવાર અહેવાલ આ અંકમાં આપવામાં આવ્યો છે. 21 જૂન વિશ્વ યોગ દિવસ. એ યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ઉપરાંત ગ્રંથાલય વિભાગ અને મેગેઝિન ક્લબના ઉપક્રમે ‘સામયિક સંવાદ’ પ્રસાર પરિચય કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આમ, વિદ્યાપીઠ સંકુલ ફરી પ્રવૃત્તિઓથી ધમધમવા લાગી રહ્યું છે. વિદ્યાપીઠની પ્રવેશ પ્રક્રિયા ‘ગીતા પ્રવેશ પરીક્ષા’ની સમગ્ર પ્રક્રિયાનો ચિતાર પણ આ અંકમાં આપવામાં આવ્યો છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ શ્રમનું મૂલ્ય સમજે અને રજાઓનો સદ્ઉપયોગ કરી આર્થિક રીતે સ્વનિર્ભર થાય તે હેતુથી સ્વપ્રની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે, જેની વિગતો પણ આ અંકમાં જોઈ શકાય છે.

આ અંકમાં જે લેખોની સામગ્રી છે એના ઉપર પણ એક નજર કરી લઈએ. પ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ અને 21 જૂન વિશ્વ યોગ દિવસ. આજે પર્યાવરણ જે રીતે અસમતોલ થતું જાય છે એ માનવજાત તરીકે આપણો સૌથી મોટો ચિંતાનો વિષય છે. આ વખતે અલનીનોનો પ્રભાવ પણ જોવા મળી રહ્યો છે અને રહેશે. નિમિષા શુક્લે પોતાના લેખમાં પર્યાવરણની ચિંતા વાજબી રીતે કરી છે. અલનીનોની વાત કરીએ છીએ ત્યારે દરિયાઈ પ્રદૂષણની ચિંતા પણ કરવી રહી. ધારા વઘાડિયાએ પોતાના લેખમાં એ બાબતનું વિશ્લેષણ કર્યું છે, કે દરિયાઈ પ્રદૂષણથી થતા નુકસાનની અવગણના શક્ય નથી. ભારતની વૈશ્વિક સ્તરે એક ઓળખ યોગની રહી છે. યોગ એ આપણી સંસ્કાર-પરંપરા રહી છે અને વિશ્વ આખાએ એનું મહત્ત્વ સ્વીકાર્યું છે. વર્ષા જોશીએ એ યોગનું મહત્ત્વ એક લેખમાં સ્પષ્ટ કરી આપ્યું છે. આપણી આખા દિવસની દિનચર્યામાં પાણી અગત્યનું ઘટક છે. અને પાણી દૂષિત હોય તો બીજી ઘણી મુશ્કેલીઓને આમંત્રણ આપે છે. પ્રીતિ શુક્લએ જળજન્ય રોગો વિશે વિગતવાર પણ સરળ ભાષામાં માહિતી આપી છે. ટૂંકમાં ગૂજરાત વિદ્યાપીઠની વિશિષ્ટ અને વિવિધ પ્રવૃત્તિઓની સાથે અહીં લેખ સામગ્રીમાં પણ વૈવિધ્ય જોવા મળશે.

મનોહર ત્રિવેદી કહે છે તેમ, ‘તડકા! તારાં તીર,’ વાગી રહ્યાં છે ત્યારે મેઘરાજા ક્યારે કૃપા કરે એની પ્રતીક્ષા છે. આ લખી રહ્યો છું ત્યારે મુંબઈમાં મેઘરાજાની પધરામણી થઈ ચૂકી છે અને હવે, ગુજરાત ક્યારે ભીનુંભીનું થાય એની પ્રતીક્ષા છે.

# વિશ્વ પર્યાવરણ દિવસ 2026:

## જળવાયુ પરિવર્તન સારુ સહિયારો સંકલ્પ

– નિમિષા શુક્લ
પ્રાધ્યાપક
અર્થશાસ્ત્ર વિભાગ

પ્રતિવર્ષ 5મી જૂને, વિશ્વની પ્રજામાં પર્યાવરણ જાળવવા જાણે પ્રતિબદ્ધાતા જાગી ઉઠે છે! વર્ષો સુધી એક જ સ્થળે રોપાને રોપાય છે, પર્યાવરણ બચાવવા માટે કાર્યક્રમોનું આયોજન થાય છે. આ દિવસ છે વિશ્વ પર્યાવરણ દિવસ. પણ અનુભવે જણાતું છે કે માનવીનો આ ઉત્સાહ સ્મશાનવૈરાગ્ય જેવો બની રહે છે. પાછા ઠેરના ઠેર. 1972માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ શરૂ દ્વારા શરુ કરાયેલો આ દિવસ 2026માં સજીવસૃષ્ટિના અસ્તિત્વની લડાઈમાં સૌથી મોટા પડકાર એવા જળવાયુ પરિવર્તન અંગેનો છે. પરિણામે એના વિષે ગંભીરતાથી વિચાર તથા અમલ કરીશું, તો 'વાર્યા ન રહે, તે હાર્યા રહે'ની સ્થિતિને દૂર રાખી શકીશું.

**જળવાયુ પરિવર્તન:**

પૃથ્વી પર સહસ્ત્રાબ્દીઓથી ચોક્કસ ઋતુચક્ર ચાલે છે: ઉનાળો, ચોમાસું, શિયાળો. પણ છેલ્લા કેટલાક દાયકામાં આ ચક્રમાં ગરબડ ઉભો થઇ છે. ઉનાળો વધુ ગરમ, ચોમાસું અનિયમિત અને શિયાળો મોડો આવે અને વહેલો જાય. સ્થળમાં જળ અને જળમાં સ્થળ. સરળ શબ્દોમાં આ જળવાયુ પરિવર્તન.

આ સમસ્યા પાછળ માનવપ્રવૃત્તિ જવાબદાર છે. કોલસો, પેટ્રોલ, ડીઝલ, કુદરતી ગેસ જેવી અશ્મિભૂત ઉર્જાનાં વળગતા ઉપયોગથી નીકળતો અંગારવાયુ ($CO_2$) વાતાવરણમાં જમા થાય છે અને સૂર્યની ગરમીને પૃથ્વી પરથી બહાર જતી અટકાવે છે. જેમ ગ્રીનહાઉસની કાચની છત ઠંડીમાં પણ અંદર ગરમી રોકી રાખે છે, તેમ આ અને અનું વાયુઓ કામ કરે છે. જે ગ્રીનહાઉસ અસર કહેવાય છે. આ ઘટનાને જાણીતા વિજ્ઞાની અરુણ દવે 'પૃથ્વીને તાવ આવ્યા' તરીકે ઓળખાવે છે.

જળવાયુ પરિવર્તનના પ્રશ્નનો આરંભ ઔદ્યોગિક ક્રાંતિથી થયો હતો. માનવ જાતની ઉત્ક્રાંતિને પાંચ તબક્કામાં વહેંચી શકાય. ફળ-ફૂલ એકત્રિત કરવા અને શિકાર, ખેતી, ખેતી સાથે પશુપાલન, ઔદ્યોગિક અને માહિતીટેકનોલોજીનો સમયગાળો.

વરાળ યંત્રની શોધથી 18મી સદીમાં યુરોપમાં કારખાના આવ્યા અને કોલસો બાળવાનું શરૂ થયું, 1950-60ના દાયકામાં વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે પૃથ્વીનું તાપમાન ક્રમશ: વધી રહ્યું છે. 1988માં સંયુક્ત રાષ્ટ્રએ જળવાયુ પરિવર્તન પર આંતરસંસદીય પેનલ (IPCC)ની રચના કરી,

1992: પ્રથમ પૃથ્વી પરિષદ જળવાયુ પરિવર્તન પર વિશ્વભરના દેશો એકઠા થયા.

1997: ક્યોટો પ્રોટોકોલ – વિકસિત દેશોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવાનો નિર્ણય કર્યો.

2015: પેરિસ કરાર – 195 દેશો સંમત થયા કે તાપમાન વધારો 1.5°C સુધી રોકવો.

પણ આ લક્ષ્યાંક હજુ સુધી પ્રાપ્ત કરી શક્યા નથી. ઔદ્યોગિક યુગ પહેલાનું સરેરાશ તાપમાન: 14°Cથી 2025માં વૈશ્વિક સરેરાશ તાપમાનમાં 1.4°C નો વધારો નોંધાયો.

આ સ્થિતિના કેટલાક પરિણામો પટ ઉડતી નજર કરી લઈએ.

1. $CO_2$નું પ્રમાણ 280 ppm 1750માં હતું, જે 2026માં વધીને 420+ ppm નોંધાયું.
2. દર વર્ષે 3-4 મિલીમીટરનો સમુદ્ર સપાટીમાં વધારો 2100 સુધીમાં 1 મીટર વધી શકે છે.
3. ભારતીય સંદર્ભમાં, હિમાલયની હિમનદીઓ ઝડપથી ઓગળી રહી છે અને 2100 સુધીમાં હિમાલયનો બે તૃતીયાંશ બરફ ઓગળી શકે છે.
4. યુરોપમાં દરમીના મોજાને કારણે હજારો લોકોના મોત; ઓસ્ટ્રેલિયા, એમેઝોન, કેનેડામાં દાવાનળ; અમેરિકા અને ચીનમાં પૂર અને ચક્રવાતોમાં વધારો.

ગુજરાતીમાં કહેવત છે: દુકાળમાં અધિકમાસ (આમ પણ વિક્રમ સંવત 2083 જેઠ મહિનો અધિક છે!) માનવપ્રવૃત્તિ ઉપરાંત વિશ્વમાં યુદ્ધ (ઇરાક-ઇઝરાયલ/અમેરિકા) તથા અલ-નીનો (El-Niño)[1]

ઈરાન-ઇઝરાયેલ/અમેરિકા યુદ્ધના કારણે અશ્મિભૂત ઉર્જા પર આધારિત યુદ્ધ વિમાનો, મિસાઈલો, ટેન્ક વધારે વપરાય છે. થોડાક જ કલાકોમાં સેંકડો ટન કાર્બન ઉત્સર્જન થાય છે. તેલના ભંડારો પર હુમલા થાય ત્યારે ઝેરી ધુમાડો વાતાવરણમાં ફેલાય છે.

આ યુદ્ધ પૂરું થયા બાદ પુનઃનિર્માણમાં કોંક્રિટ, સ્ટીલ, સિમેન્ટ અને ઊર્જાનો જથ્થો વપરાશે.

આમ, યુદ્ધ કાર્બન ઉત્સર્જન વધારે છે, જળવાયુ પરિવર્તનને વેગ આપે છે, અને તેના કારણે દુષ્કાળ, પૂર અને ગરમીની લહેરો વધુ ખતરનાક બને છે.

અલ-નીનો દરમિયાન પેસિફિક મહાસાગરમાં પાણીનું તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થાય ત્યારે તે સમગ્ર વિશ્વના હવામાન પર અસર કરે છે. જળવાયુ પરિવર્તન અલ-નીનોને વધુ વારંવાર અને વધુ ખતરનાક બનાવી રહ્યું છે. પૃથ્વી ગરમ થઈ રહી હોવાની સાથે અલ-નીનોની ઘટના વધુ શક્તિશાળી અને અણધારી બને છે.

"Climate Action" માત્ર એક સૂત્રને ત્રણ તબક્કામાં ઉકેલી શકાય.

વ્યક્તિગત સ્તરે

- વીજળીની બચત કરો – બિન-જરૂરી દીવાબત્તી, પંખા, AC બંધ રાખવા.
- પ્લાસ્ટિકનો સ્થાને કાપડની થેલી, સ્ટીલની બોટલ, કાચનાં વાસનો વાપરવા.
- જાહેર વાહનો, સાયકલ અથવા પગપાળા ચાલો.
- રોપાને વાવીને ઉછેરો.
- પાણીની બચત અને સંગ્રહ કરો

**સમાજ**

- શાળાઓ અને કોલેજોમાં પર્યાવરણ જાગૃતિ અભિયાનો
- સમુદાયમાં રોપરોપણ કાર્યક્રમ યોજો
- ગામ અને વોર્ડ સ્તરે પાણી સંગ્રહ અને કચરો વ્યવસ્થાપનની યોજના બનાવો

**રાષ્ટ્રીય અને વૈશ્વિક**

- ઉર્જાના વૈકલ્પિક સ્રોતનો ઉપયોગ વધારવા.
- પેરિસ કરારના લક્ષ્યાંકો પૂરા કરવા

હવે કામ કરવાનોનો સમય છે

જળવાયુ પરિવર્તન હવે ભવિષ્યની સમસ્યા નથી. તે આજનું સંકટ છે.

આ લડાઈ એકલાની નથી, પણ સમગ્ર માનવજાતની છે.

અંતમાં મહાત્માનાં એકાદશ વ્રતને યાદ કરી લઈએ. એનું પાલન કરવા સારુ પ્રયાણ આ સમસ્યાનો ઉકેલ બની શકે તેમાં શંકાને સ્થાન નથી.



1 જ્યારે અલ-નીનો સક્રિય હોય છે, ત્યારે:ચોમાસું નબળું રહે છે, વરસાદ ઓછો પડે છે; ગરમી વધે છે – તાપમાન સામાન્ય કરતાં વધી જાય છે; દુષ્કાળની સંભાવના વધે છે અને ઘઉં, ચોખા, કપાસ, મગફળી જેવા પાકોને અસર થાય છે

# 21મી સદીમાં દરિયાઈ પ્રદૂષણની અવગણના આપણાથી શક્ય છે?

– ધારા વઘાડીયા
મદદનીશ અધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ

ઈરાન- યુ.એસ યુદ્ધના સમાચાર આપણે સતત જોઈ રહ્યા છીએ અને એક નિરાંત અનુભવી રહ્યા છીએ કે આ પરિસ્થિતિમાં આપણે નથી પરંતુ જે યુદ્ધ થઈ રહ્યું છે તેની અસર વિશેની આર્થિક બાબતો વધુ ચર્ચામાં છે અને આપણે પણ પેટ્રોલ ડીઝલની ભાવ સપાટીમાં ફેરફાર થશે કે નહીં તેની અવઢવમાં છીએ પરંતુ આપણે જે અસર વિચારી રહ્યા છીએ તે માત્ર આર્થિક ક્ષેત્રની છે આ યુદ્ધની પર્યાવરણીય અસર અંગેનો વિચાર દૂર દૂર સુધી જોવા મળતો નથી જે માનવજાત અને સજીવ સૃષ્ટિના અસ્તિત્વ સાથે સંકળાયેલો છે તે છે દરિયાઈ પ્રદૂષણ.

પ્રદૂષણ શબ્દ આપણા માટે નવો નથી પણ આપણા વ્યવહારમાં ભગવાનને ચડાવેલા ફૂલ નદી કે દરિયામાં પધરાવવા એક દૈનિક પ્રક્રિયા છે જેમાં આપણને કોઈ ખોટું કર્યાની લાગણી નથી પરંતુ જેમ જમીન પર વધતો કચરો પૃથ્વીની આત્મસાત કરવાની ક્ષમતા બાદ પ્રદૂષણમાં પરિણમે, તેમ જળમાં પણ જળની પ્રદૂષણને સમાવવાની ક્ષમતા કરતા વધુ પ્રમાણમાં થતો કચરો પ્રદૂષણમાં પરિણમે છે આ ખ્યાલ ઘણો  વિસ્તૃત છે તે પૈકી જો દરિયાઈ પ્રદૂષણ વિશે વિચારીએ તો દરિયાઈ પ્રદૂષણ ઉત્પાદન અને વપરાશની બિન ટકાઉ વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય શાસનની સંસ્થાકીય મર્યાદાઓનું પરિણામ છે. દરિયાઈ પ્રદૂષણ એટલે શું તેની સ્થિતિ અને તેની અસરોથી માહિતગાર થવું એ વર્તમાન પર્યાવરણીય અછતનું મહત્વનું ક્ષેત્ર છે. સૌપ્રથમ તો દરિયાઈ પ્રદૂષણ એટલે શું? એ સમજીએ તો મુખ્યત્વે પાંચ પ્રકારે દરિયો પ્રદૂષિત થાય છે 1. પ્લાસ્ટિક તેમાં પણ વધારે ગંભીર માઇક્રો પ્લાસ્ટિક છે જે વ્યાપક રીતે ફેલાઈ રહ્યા છે 2. ઉદ્યોગ દ્વારા છોડવામાં આવેલ કચરો કે જેમાં ઝેરી કેમિકલ, હેવી મેટલ અને લાંબા ગાળા સુધી રહેતા જૈવિક પ્રદુષકોનો સમાવેશ થાય છે. 3.ઓઇલનું સમુદ્રમાં ઢોળાવવું 4. કૃષિ ક્ષેત્રે વપરાતા ખાતર અને જંતુનાશકો ખેતરમાંથી વહી નદી દ્વારા સમુદ્ર સુધી પહોંચી સમુદ્રને પ્રદૂષિત કરે છે. આમ વિવિધ રીતે દરિયામાં પ્રદૂષણ ફેલાય છે. વર્તમાન સમયમાં દરિયાઈ પ્રદૂષણનો સ્તર કેટલો છે તે સંદર્ભે વિભિન્ન સ્ત્રોત તપાસીએ તો UNEP (યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ)ના અહેવાલ અનુસાર દરિયાઈ પ્રદૂષણનું સ્તર અત્યંત ઝડપથી વધી રહ્યું છે અને સંચયી બની રહ્યું છે, જેમકે દર વર્ષે 11 મિલિયન ટન પ્લાસ્ટિક દરિયામાં પ્રવેશે છે. અત્યાર સુધી સંચિત પ્લાસ્ટિકનું પ્રમાણ 75 થી 199 મિલિયન ટન છે દર વર્ષે વિભિન્ન જળ સ્ત્રોતમાં નદી તેમજ દરિયામાં પ્લાસ્ટિક કચરાના લીકેજનું પ્રમાણ 19 થી 23 મિલિયન ટન છે. જો આ અંગે નીતિવિષયક પગલાં લેવામાં નહીં આવે તો 2040 સુધીમાં પ્લાસ્ટિક કચરાનું પ્રમાણ ત્રણ ગણું વધવાની સંભાવના છે. OECD (ઓર્ગેનાઈઝેશન ફોર ઇકોનોમિક કો ઓપરેશન એન્ડ ડેવલોપમેન્ટ)ની માહિતી અનુસાર દરિયામાં પ્રદૂષણનું કારણ માછીમારી સંબંધિત પ્રવૃત્તિ જ નથી, પરંતુ કચરાના વ્યવસ્થાપનનો અભાવ અને નદીની વ્યવસ્થા છે. સમુદ્રમાં પહોંચતો કચરો સૌથી વધુ નદી દ્વારા પહોંચે છે ઉપરાંત દરિયાઈ પ્રદૂષણ ભૌગોલિક પ્રદેશ અનુસાર કેન્દ્રિત છે વિભિન્ન વિસ્તારની આર્થિક વિકાસની તરાહ સાથે સંબંધિત છે. UN (યુનાઇટેડ નેશન્સ)ની માહિતી અનુસાર દરિયાઈ પ્રદૂષણ જળવાયુ પરિવર્તન અને બળતણ આધારિત ઉત્પાદન સાથે સીધો સંબંધ ધરાવે છે એક જ વપરાશ ધરાવતા પ્લાસ્ટિકનું 98% ઉત્પાદન અશ્મિજન્ય બળતણમાંથી થાય છે, તેમજ વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસના ઉત્પાદનમાં પ્લાસ્ટિકનો ફાળો 1.8 બિલિયન ટન છે. TOPF (ઇન્ટરનેશનલ ટેન્કર ઓનર પોલ્યુશન ફેડરેશન)ની માહિતી અનુસાર વૈશ્વિક સ્તરે દર વર્ષે એક મિલિયન ટન ઓઇલ ઢોળાઈને સમુદ્રમાં ફેલાઈ જાય છે 1967 થી 2023 સુધીમાં 3500 ઓઇલ ઢોળાવવાની ઘટનાઓ ઘટી છે 2024ના વર્ષમાં 10,000 ટન ઓઇલ સમુદ્રમાં ફેલાયેલું નોંધાયું છે. 2025 ના વર્ષમાં 4000 ટન સમુદ્રમાં ઢોળાયેલું આલેખિત છે. આમ વૈશ્વિક સ્તરે દરિયાઈ પ્રદૂષણનો સ્તર ઉત્તરોત્તર વધી રહ્યો છે પરંતુ પ્રશ્ન સ્થિતિ નથી સમસ્યા તેની અસર છે.



દરિયાઈ પ્રદૂષણની સૌથી વધુ નકારાત્મક અસર દરિયાઈ પર્યાવરણ પર પડે છે આપણે કાર્બન ચક્રથી પરિચિત છીએ આવું જ ચક્ર સમુદ્રની અંદર પણ છે જેમાં વિક્ષેપ સર્જાય છે. પ્રદૂષણની અસરને બે રીતે સમજી શકીએ પર્યાવરણીય અસર તેમાં દરિયાઈ જૈવ

વૈવિધ્યમાં ઘટાડો થાય છે. પ્રદૂષણના કારણે દરિયાઇ જીવોના મૃત્યુદરમાં વૃદ્ધિ થાય છે તેની પ્રજનન ક્ષમતામાં ઘટાડો થાય છે પરિણામે જે જળચર જીવોની સંખ્યા તીવ્ર ઘટાડામાં છે તે નામશેષ થવાની સંભાવના વધી જાય છે.



જળ આહાર શૃંખલામાં વિક્ષેપ ઊભો થાય છે પ્રવર્તમાન સમયમાં માઇક્રો પ્લાસ્ટિક અને ઝેરી રસાયણો જ્યારે સમુદ્રના તળિયે પહોંચે છે ત્યારે દરિયાઇ વનસ્પતિને નુકસાન પહોંચાડે છે જે સમુદ્રના આહાર શૃંખલાના ઉપલા સ્તર સુધી વિસ્તરે છે અને મોટી માછલી અને દરિયાઇ મેમલ્સના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.

દરિયાઇ જીવોના રહેઠાણને નુકસાન તેમાં ચેરના વૃક્ષો, પરવાળા અને સી બેડ તમામ સ્તરની વનસ્પતિ સૃષ્ટિ જે દરિયાઇ જીવોના અસ્તિત્વ માટે, વિકસવા માટે જરૂરી છે તે પ્રદૂષણના કારણે ઘટે છે અને તેના કારણે દરિયાની પ્રદૂષણની સામે ટકવાની ક્ષમતામાં ઘટાડો થાય છે.

દરિયાના પાણીની ગુણવત્તામાં ઘટાડો, દરિયાઇ જીવોના અસ્તિત્વની પ્રથમ શરત જ શુદ્ધ પાણી છે. પરંતુ પ્રદૂષણ વધતા પાણીમાં ઓક્સિજનનું સ્તર ઘટે છે ઝેરી તત્વોનું પ્રમાણ વધે છે ત્યારે દરિયાઇ વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણની ક્રિયા યોગ્ય રીતે કરી શકતી નથી તેના કારણે દરિયાઇ ઘાસ અને સમગ્ર સમુદ્રી જીવો પર તેની નકારાત્મક અસર સર્જે છે.

ઉપરાંત નદી દ્વારા સમુદ્રમાં આવતા કચરામાં કૃષિ ક્ષેત્રના ખાતર દવાઓનો કચરો જે દરિયાના પાણીમાં ભળે છે ત્યારે પોષક તત્વો વધવાથી પાણીમાં આલ્ગીનું પ્રમાણ વધે છે જે પાણીના ઉપરના હિસ્સામાં વધવાથી પાણીમાં ઓક્સિજનના સ્તરમાં ઘટાડો લાવે છે, તેને કારણે દરિયામાં ડેડ ઝોન સર્જાય છે જ્યાં સમુદ્રી જીવો રહી શકતા નથી મૃત્યુ પામે છે.

આ સમગ્ર બાબતો જળવાયું પરિવર્તન સાથે પણ એટલી જ જોડાયેલી છે જેમ જમીન પર ઓક્સિજન અને કાર્બનની સંતુલન માટે વૃક્ષો જરૂરી છે તેમજ દરિયામાં પણ છે પરંતુ વિવિધ પ્રદૂષણના પરિણામે દરિયાઇ વનસ્પતિનો નાશ થવાથી દરિયાની કાર્બનને સમાવવાની ક્ષમતા ઘટે છે તેથી ઓક્સિજનનો સ્તર પણ ઘટે જે દરિયાઇ જીવ સૃષ્ટિ માટે અત્યંત જોખમી છે.

ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી પ્રશ્ન પણ થાય કે દરિયાઇ વનસ્પતિ પ્રાણીસૃષ્ટિની સંખ્યાના ફેરફારથી આપણે શું? આપણે તો જમીન પર છીએ પરંતુ જમીન પણ નિર્ભર માનવ અન્ય પર્યાવરણનો એક અજોડ હિસ્સો છે જે જુદી જુદી રીતે જોડાયેલો છે તેથી વૈશ્વિક પરિસ્થિતિ તંત્રથી આપણે અલિપ્ત રહી શકવાના નથી જો કે તેના માત્ર આર્થિક પાસા પણ જો તપાસીએ તો પણ સીધી રીતે માનવજાત પ્રભાવિત થાય છે.

વિશ્વમાં 60 કરોડ લોકો માછીમારી પર નિર્ભર છે જ્યારે ભારતમાં આઠથી ત્રણ કરોડ લોકો માછીમારીમાંથી આજીવિકા મેળવે છે દર વર્ષે અંદાજે દરિયાઇ પ્રદૂષણના કારણે માછીમારીની આવકમાં 50 અબજ ડોલરનું નુકસાન થાય છે. દરિયાઇ વિસ્તારોમાં પ્રવાસનની આવક પણ ઊંચી છે એફએઓના અંદાજ અનુસાર દર વર્ષે 36 અબજ અમેરીકી ડોલરની આવક દરિયાઇ પ્રવાસન માંથી પ્રાપ્ત થાય છે પ્રદૂષણના કારણે તેમાં નકારાત્મક અસર જોવા મળે છે ભારતમાં દરિયાઇ પ્રવાસનની ઊંચી આવક ધરાવતા રાજ્યો ગોવા કેરળ ગુજરાત અને અંદામાન છે પ્રદૂષણથી આ રાજ્યની આવક પ્રભાવિત થશે.

દરિયામાં તેલ ઢોળાવવાના કિસ્સામાં તેની સફાઇ પાછળ વિશ્વમાં દર વર્ષે અબજો ડોલરનો ખર્ચ થાય છે અને જો સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તપાસીએ તો માઇક્રો પ્લાસ્ટિક અને ઝેરી તત્વોનું વધતું પ્રમાણ દરિયાઇ ખોરાક લેનાર વસ્તી માટે સ્વાસ્થ્ય સંબંધિત ગંભીર પ્રશ્નો ઊભા કરે છે પરિણામે સ્વાસ્થ્ય સંબંધિત પા વૃદ્ધિ થાય છે. વૈશ્વિક વ્યાપારમાં માછીમારીની વાર્ષિક નિકાસની આવકનું પ્રમાણ સાતથી આઠ અબજ ડોલર છે જે પ્રદૂષણથી પ્રભાવિત થાય છે આ માત્ર કેટલાક નુકસાનની માહિતી છે સમુદ્રી પ્રદૂષણની અસર અનેકવિધ પાષા ધરાવે છે. માછીમારીમાં ઘટાડો અને પ્રવાસન પરની નકારાત્મક અસર આવક અને રોજગારને સીધી રીતે અસર કરે છે પરંતુ તેલના કારણે સફાઇ પાછળ કરવો પડતો ખર્ચ અને સ્વાસ્થ્ય પાછળનો ખર્ચ લાંબા ગાળાનું ભારણ છે. આ સમસ્યા સ્થાનિક જ નહીં પરંતુ વૈશ્વિક આર્થિક સમસ્યા છે.

આ સમસ્યાઓ પર્યાવરણીય નીતિ અને સંસ્થાકીય નિષ્ફળતાઓમાંથી નીપજી છે તેને ઉકેલવા માટે આર્થિક, નીતિવિષયક, ટેકનોલોજીકલ, માનવ વર્તણુંક સંબંધિત પરિવર્તનો એકસાથે સક્રિય કરવાની જરૂર છે જેમ કે આર્થિક ક્ષેત્રે પ્રદૂષણ કર, ઉત્પાદકોની જવાબદારીમાં વધારો, બજાર આધારિત પ્રોત્સાહક પગલાં, દ્વારા માછીમારીને ઇચ્છિત દિશામાં આગળ ધપાવી શકાય. નીતિવિષયક બાબતોમાં દરિયા કિનારાના કાયદાઓનું કડક પાલન, તેમજ આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા અનિયંત્રિત માછીમારીને અટકાવી શકાય. ટેકનોલોજીકલ ઉકેલ સંદર્ભે પ્રદૂષણ વ્યવસ્થાપન અંગે નવીનીકરણ દ્વારા પ્રદૂષણને નિયંત્રિત કરી શકાય માનવીની બેજવાબદાર વર્તણૂકને જાગૃતિ દ્વારા એક વપરાશ ધરાવતા પ્લાસ્ટિકના વપરાશને ન્યૂનતમ કરી શકાય આ રીતે આપણે દરિયાઇ જીવોની પરિસ્થિતિકી સુરક્ષા દ્વારા સમગ્ર વૈશ્વિક પરિસ્થિતિકી વ્યવસ્થાનું સંરક્ષણ કરી સૌના સારા જીવનની દિશામાં અગ્રેસર થઇ શકીએ.

# યોગ
## ભારતીય સંસ્કૃતિનો અધ્યાત્મમય વૈભવ

– વર્ષા જોષી,
મદદનીશ અધ્યાપક,
યોગવિદ્યા વિભાગ

યોગ ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને ઋષિ-પરંપરાનો એક અતિ અમૂલ્ય તથા અધ્યાત્મપ્રધાન વારસો છે. યોગને માત્ર દૈહિક વ્યાયામ તરીકે મર્યાદિત રીતે સમજવો એ તેની વ્યાપકતાને અત્યંત સંકુચિત કરવા સમાન છે. વાસ્તવમાં યોગ માનવ જીવનના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પરિમાણોને સુસંવાદિત બનાવતું સર્વાંગી શાસ્ત્ર છે. શાસ્ત્રીય દૃષ્ટિએ યોગનો પરમ પુરુષાર્થ “મોક્ષ” — અર્થાત્ જન્મ-મરણના અનંત સંસારચક્રમાંથી મુક્તિ પ્રાપ્ત કરીને આત્મસાક્ષાત્કાર સાધવો — એવો નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે. યોગ માનવને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જાય છે. “યોગ” શબ્દ સંસ્કૃતની “યુજ્” ધાતુમાંથી ઉત્પન્ન થયેલો છે, જેનો તાત્પર્ય ‘સંયોગ’, ‘એકત્વ’ અથવા ‘એકરૂપતા’ એવો થાય છે. યોગનું મૂળ તત્ત્વ શરીર, મન અને આત્મા વચ્ચે સઘન એકતા સ્થાપિત કરવું છે. કઠોપનિષદમાં યોગની વ્યાખ્યા કરતાં ઉલ્લેખિત છે — “યદા પંચાવતિષ્ઠંતે જ્ઞાનાનિ મનસા સહ...” — અર્થાત્ જ્યારે ઇન્દ્રિયો તથા મન સંપૂર્ણ રીતે નિરોધિત થઈ સ્થિરતા પામે છે, ત્યારે યોગાવસ્થા પ્રાપ્ત થાય છે. મહર્ષિ પતંજલિએ યોગના તત્ત્વને અત્યંત સુચિંતિત રીતે “યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ” સૂત્ર દ્વારા પ્રતિપાદિત કર્યું છે. આ સૂત્રનો સાર એ છે કે ચિત્તની ચંચળ વૃત્તિઓનો નિરોધ — એટલે કે મનને શાંત, સ્થિર અને સંયમિત બનાવવો — એ યોગનું મર્મ છે. આ જ ભાવને ભગવદ્ગીતામાં વિવિધ પરિમાણોમાં વ્યક્ત કરવામાં આવ્યો છે: “સમત્વં યોગ ઉચ્યતે” — સુખ અને દુઃખમાં સમભાવ રાખવો; “યોગઃ કર્મસુ કૌશલમ્” — કર્મને કુશળતાપૂર્વક નિર્વાહ કરવો. ભક્તિયોગમાં પરમાત્મા પ્રત્યે પૂર્ણ સમર્પણ, જ્યારે જ્ઞાનયોગમાં આત્મજ્ઞાન દ્વારા મુક્તિની સિદ્ધિ — આ બધાં યોગના વિવિધ માર્ગો છે.

### આધુનિક યુગમાં યોગનું પ્રાસંગિક મહત્ત્વ

વર્તમાન યુગમાં માનવજીવન ઝડપી ગતિ, અતિસ્પર્ધા અને માનસિક દબાણોથી આવરાયેલું બની ગયું છે. દૈનિક જીવનમાં વ્યસ્તતા, સમયાભાવ તથા ટેકનોલોજી પર અતિનિર્ભરતા માનવને શારીરિક અને માનસિક રીતે ક્ષીણ બનાવી રહી છે. આવી પરિસ્થિતિમાં યોગ એક સમતોલનકારી શક્તિ તરીકે પ્રગટે છે. યોગના નિયમિત અભ્યાસથી માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે, તણાવ તથા ચિંતા ક્ષીણ થાય છે અને ચિંતનશક્તિમાં સકારાત્મકતા વિકાસ પામે છે. આધુનિક યુગમાં વધતી માનસિક વ્યાધિઓ — જેમ કે નિરાશા, ચિંતાવિકાર અને નિદ્રાનાશ — ના નિવારણમાં યોગ, ધ્યાન અને પ્રાણાયામ અતિ પ્રભાવકારક સાબિત થાય છે. શારીરિક સ્તરે યોગાસનો દેહને લવચીકતા પ્રદાન કરે છે, સ્નાયુઓને સશક્ત બનાવે છે તથા રક્તસંચારને સુસંચાલિત કરે છે. યોગ શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે અને અનેક દીર્ઘકાલીન વ્યાધિઓ — જેમ કે સ્થૂળતા, ડાયાબિટીસ, રક્તચાપ તથા હૃદયરોગ — ના નિવારણમાં સહાયક બને છે. યોગ માત્ર રોગનાશક જ નહીં, પરંતુ રોગપ્રતિકારક જીવનપદ્ધતિનું પ્રતિનિધિત્વ કરે છે. યુવા પેઢી માટે યોગ વિશેષ પ્રાસંગિક છે. ડિજિટલ યુગમાં મોબાઈલ, ઇન્ટરનેટ અને સામાજિક માધ્યમોના અતિપ્રયોગથી એકાગ્રતામાં હ્રાસ અને માનસિક થાક સર્જાય છે. યોગ એકાગ્રતા, સ્મરણશક્તિ અને આત્મવિશ્વાસને



સદૃઢ બનાવે છે. વિદ્યાર્થીજીવનમાં યોગ સફળતાનો મજબૂત આધારસ્તંભ બની શકે છે. કાર્યક્ષેત્રમાં યોગનો વ્યાપ વધતો જાય છે. લાંબા સમય સુધી કમ્પ્યુટર સામે કાર્યરત રહેવાથી ઉદ્ભવતી શારીરિક અને માનસિક સમસ્યાઓમાં યોગ અસરકારક ઉપચારરૂપ છે. અનેક સંસ્થાઓ કર્મચારીઓ માટે યોગસત્રોનું આયોજન કરીને કાર્યક્ષમતામાં વૃદ્ધિ લાવી રહી છે. યોગ માનવને પ્રકૃતિ સાથે પુનઃસંલગ્ન કરે છે અને જીવનમાં સરળતા તથા સમતોલનનો સંદેશ આપે છે. તે આધ્યાત્મિક વિકાસ માટે માર્ગદર્શક બની વ્યક્તિને આત્મચિંતન તરફ પ્રેરિત કરે છે, જેના પરિણામે આંતરિક શાંતિ અને પરમ સંતોષની અનુભૂતિ થાય છે.

### વિશ્વ યોગ દિવસ: વૈશ્વિક સ્વીકૃતિનો ઉત્સવ

આધુનિક યુગમાં યોગના વધતા મહત્ત્વને માન્યતા આપતાં દર વર્ષે ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે. તેની શરૂઆત ૨૦૧૫માં થઈ. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને ૧૭૭ દેશોએ સમર્થન આપ્યું — જે વિશ્વ ઇતિહાસમાં એક અદ્વિતીય ઘટના ગણાય છે. અનુસંધાને, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે માન્યતા આપી. આ તારીખની પસંદગી પણ ગૂઢ મહત્ત્વ ધરાવે છે. ઉત્તર ગોળાર્ધમાં આ વર્ષનો સૌથી દીર્ઘ દિવસ છે અને આધ્યાત્મિક પરંપરામાં પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પરંપરા મુજબ આ દિવસે ભગવાન શિવે યોગવિદ્યા માનવજાતને પ્રદાન કરવાનું પ્રારંભ કર્યું હતું. વિશ્વ યોગ દિવસના પ્રેરણાત્મક પ્રભાવ વિશ્વ યોગ દિવસ માત્ર ઔપચારિક ઉજવણી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે માનવજીવનમાં દીર્ઘકાલીન સકારાત્મક પરિવર્તનનું પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે. આ દિવસ આરોગ્યપ્રત્યે જાગૃતિ ફેલાવે છે અને સામૂહિક યોગાભ્યાસ દ્વારા એકતા અને સહઅસ્તિત્વની ભાવનાને મજબૂત બનાવે છે. ઘણા લોકો માટે આ દિવસ યોગને દૈનિક જીવનમાં આત્મસાત કરવાની શરૂઆત બને છે. યોગનો નિયમિત અભ્યાસ આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરે છે, સકારાત્મક જીવનદૃષ્ટિ વિકસાવે છે અને મન-દેહ-આત્માના સમન્વયને મજબૂત બનાવે છે. અંતે, એવો નિષ્કર્ષ કરવો યોગ્ય છે કે યોગ માત્ર એક ક્રિયા કે વ્યાયામ નથી, પરંતુ એક સર્વાંગી જીવનદર્શન છે. તે માનવને સ્વસ્થતા, શાંતિ અને સમતોલન તરફ દોરી જતું શાશ્વત સાધન છે. આજના યુગમાં યોગનો સ્વીકાર માત્ર વિકલ્પ નથી, પરંતુ સુખમય અને સંતુલિત જીવન માટેની અનિવાર્ય આવશ્યકતા બની ગયો છે.

# જળજન્ય રોગો:
## આરોગ્ય માટેનાં અદૃશ્ય જોખમો

– પ્રીતિ શુક્લ,
સહ પ્રાધ્યાપક,
સૂક્ષ્મજીવાણુ વિભાગ

**સારાંશ (Abstract)**

જળજન્ય રોગો દૂષિત પાણી દ્વારા ફેલાતા ચેપજન્ય રોગો છે, જે બેક્ટેરિયા, વાયરસ અને પરોપજીવીઓના કારણે થાય છે. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં શુદ્ધ પાણી અને સ્વચ્છતા સુવિધાઓના અભાવને કારણે આ રોગો વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ લેખમાં જળજન્ય રોગોની ઉત્પત્તિ, લક્ષણો, ફેલાવાના માર્ગો અને નિવારણ અંગે વિગતવાર સમજ આપવામાં આવી છે (World Health Organization [WHO], 2022).

પાણી માનવજીવન માટે માત્ર આવશ્યક જ નથી પરંતુ જીવનનો આધારસ્તંભ છે, પરંતુ જ્યારે આ જ પાણી પ્રદૂષિત થાય છે ત્યારે તે આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. આજના સમયમાં વધતી વસ્તી, ઔદ્યોગિકરણ અને અપૂરતી સેનિટેશન સુવિધાઓને કારણે પાણી પ્રદૂષણ એક ગંભીર વૈશ્વિક સમસ્યા બની છે (WHO, 2022). આ પરિસ્થિતિમાં જળજન્ય રોગોનું પ્રમાણ સતત વધતું જાય છે, જે વ્યક્તિગત તેમજ જાહેર આરોગ્ય માટે ચિંતાનો વિષય છે.

જળજન્ય રોગો એવા ચેપજન્ય રોગો છે, જે દૂષિત પાણીના સેવનથી અથવા તેના સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ રોગો મુખ્યત્વે ત્રણ પ્રકારના સૂક્ષ્મજીવો—બેક્ટેરિયા, વાયરસ અને પરોપજીવી—દ્વારા થાય છે (Saxena et al., 2018). ઉદાહરણ તરીકે, કોલેરા રોગ Vibrio cholerae બેક્ટેરિયા દ્વારા થાય છે, જ્યારે ટાઈફોઈડ Salmonella typhi દ્વારા ફેલાય છે. Hepatitis A વાયરસ લિવરને અસર કરે છે અને Giardia જેવા પરોપજીવી પાચનતંત્રમાં ચેપ ફેલાવે છે (Jain & Jain, 2014). આ બધા જીવાણુઓનું એક સામાન્ય લક્ષણ એ છે કે તેઓ દૂષિત પાણી અથવા ખોરાક દ્વારા માનવ શરીરમાં પ્રવેશ કરે છે અને ચેપ ફેલાવે છે.

જ્યારે આ જીવાણુઓ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે મુખ્યત્વે પાચનતંત્રને અસર કરે છે. પરિણામે, દર્દીને ડાયેરિયા, ઊલટી, પેટમાં દુખાવો, તાવ અને નબળાઈ જેવાં લક્ષણો અનુભવાય છે (CDC, 2023). ઘણા કેસોમાં ડિહાઈડ્રેશન, એટલે કે શરીરમાં પાણીની અછત, ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે, જો સમયસર સારવાર ન મળે તો જીવલેણ બની શકે છે. ખાસ કરીને નાનાં બાળકો અને વૃદ્ધોમાં આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે (Ashbolt, 2004).

- જળજન્ય રોગો ફેલાવાની પ્રક્રિયા એક ચક્ર જેવી છે, જેમાં માનવ અથવા પ્રાણીઓના મલમૂત્ર પાણીના સ્ત્રોતોને પ્રદૂષિત કરે છે. આ પ્રદૂષિત પાણી જ્યારે પીવાનાં પાણી તરીકે ઉપયોગમાં લેવાય છે અથવા તેમાંથી તૈયાર થયેલો ખોરાક લેવાય છે, ત્યારે તે માનવ શરીરમાં ચેપ ફેલાવે છે (WHO, 2022). આ પ્રક્રિયાને સરળ રીતે "માનવ/પ્રાણી મળ > પાણી પ્રદૂષણ > પીવાનું પાણી > ખોરાકપ્રદૂષણ
- > માનવ શરીર > રોગ" તરીકે સમજાવી શકાય છે, જેનું દૃશ્યાત્મક પ્રદર્શન Figure 1 માં દર્શાવવામાં આવ્યું છે.
- Figure 1 મુજબ, જો આ ચક્ર તોડવામાં ન આવે તો રોગચાળો સતત ફેલાતો રહે છે.





Figure 1: જળજન્ય રોગોનું સંક્રમણ ચક્ર

આ ઉપરાંત, ગંદકી, અસ્વચ્છતા, ખુલ્લામાં શૌચ, ઔદ્યોગિક કચરો અને પ્રાકૃતિક આપત્તિઓ જેમ કે પૂર અને ચક્રવાત પણ પાણીના સ્ત્રોતોને પ્રદૂષિત કરે છે અને રોગચાળો ફેલાવામાં મદદરૂપ બને છે (Saxena et al., 2018). શહેરોમાં પણ ગટર વ્યવસ્થાની ખામીઓ

અને પાણી સપ્લાય સિસ્ટમમાં લીકેજના કારણે શુદ્ધ પાણી દૂષિત થઈ શકે છે.

જો આપણે જળજન્ય રોગોના પ્રસારનું વિશ્લેષણ કરીએ તો જાણવા મળે છે કે મોટાભાગના કેસોમાં દૂષિત પાણી મુખ્ય કારણ છે, જ્યારે દૂષિત ખોરાક અને વ્યક્તિગત અસ્વચ્છતા પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે (CDC, 2023). આ પરિસ્થિતિનું આંકડાકીય દૃશ્યાત્મક પ્રદર્શન Figure 2 માં આપવામાં આવ્યું છે, જેમાં વિવિધ રોગોના પ્રમાણ દર્શાવવામાં આવ્યા છે.





Figure 2: Waterborne Diseases Distribution

જળજન્ય રોગોમાં ડાયેરિયાનું પ્રમાણ સૌથી વધુ છે.

આ ઉપરાંત, સંક્રમણના માર્ગોને સમજવા માટે Figure 3 ઉપયોગી છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે દૂષિત પાણી મુખ્ય માર્ગ છે, જ્યારે ખોરાક અને અસ્વચ્છતા પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.





Figure 3: Transmission Pathways

જળજન્ય રોગોના મુખ્ય સંક્રમણ માર્ગો.

પરંતુ સકારાત્મક બાબત એ છે કે જળજન્ય રોગોને મોટા ભાગે અટકાવી શકાય છે. વ્યક્તિગત સ્તરે, ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી પીવું, ખોરાક બનાવતા પહેલા અને ખાવા પહેલા હાથ ધોવા જેવી સરળ આદતો અપનાવવાથી આ રોગોનું જોખમ ઘટાડવામાં મદદ મળે છે (CDC, 2023). ઘરેલું સ્તરે, પાણી સંગ્રહ કરતી વખતે તેને ઢાંકીને રાખવું અને ખોરાકને સ્વચ્છ રાખવો જરૂરી છે. સામાજિક સ્તરે, શુદ્ધ પાણીની સુવિધા, યોગ્ય ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા અભિયાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. (WHO, 2022).

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો પાણીનું ક્લોરીનેશન, ફિલ્ટરેશન અને આધુનિક શુદ્ધિકરણ પદ્ધતિઓ જળજન્ય રોગોને નિયંત્રિત કરવામાં અસરકારક સાબિત થાય છે (Ashbolt, 2004). કેટલાક રોગો માટે રસીકરણ પણ ઉપલબ્ધ છે, જેમ કે Hepatitis A (Jain & Jain, 2014). આ તમામ પગલાં એકસાથે અપનાવવામાં આવે તો જળજન્ય રોગોના પ્રસારને મોટા પ્રમાણમાં ઘટાડવામાં સફળતા મળી શકે છે.

જળજન્ય રોગો માત્ર આરોગ્ય પર જ નહીં પરંતુ સામાજિક અને આર્થિક વિકાસ પર પણ અસર કરે છે. કામ કરવાની ક્ષમતા ઘટે છે, આરોગ્ય ખર્ચ વધે છે અને જીવનની ગુણવત્તા ઘટે છે (Saxena et al., 2018). તેથી જ, આ રોગોને રોકવા માટે જાગૃતિ ફેલાવવી અને સ્વચ્છતા જાળવવી અત્યંત જરૂરી છે.

અંતમાં, એવું કહી શકાય કે "સ્વચ્છ પાણી એટલે સ્વસ્થ જીવન" માત્ર સૂત્ર નથી, પરંતુ એક મહત્ત્વપૂર્ણ જીવનશૈલી છે. જો દરેક વ્યક્તિ સ્વચ્છતા જાળવે અને શુદ્ધ પાણીનો ઉપયોગ કરે, તો જળજન્ય રોગોને મોટા પ્રમાણમાં રોકી શકાય છે.


References


- Jain, P., & Jain, A. (2014). Waterborne viral gastro-enteritis. Springer.
- Saxena, S. K., et al. (2018). Waterborne infectious diseases. Intech Open.
- World Health Organization (WHO). (2022). Drinking-water quality guidelines.
- Centres for Disease Control and Prevention (CDC). (2023). Waterborne diseases.
- Ashbolt, N. J. (2004). Microbial contamination of drinking water. Toxicology, 198(1–3), 229–238.

# યુવા સંગમ: વિવિધતામાં એકતાનો જીવંત અનુભવ

– પ્રિયાંશી સોંડાગર
વિદ્યાર્થી
એમ.સી.એ., કમ્પ્યુટર વિજ્ઞાન

ભારત માત્ર નકશા પર અંકિત એક દેશ નથી; તે વિવિધ ભાષાઓ, સંસ્કૃતિઓ, પરંપરાઓ અને માનવીય લાગણીઓથી રચાયેલ એક જીવંત અનુભવ છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના મંત્રને સાકાર કરવા માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત 'યુવા સંગમ' કાર્યક્રમ દેશના વિવિધ રાજ્યોના યુવાનોને એકબીજાની સંસ્કૃતિ, જીવનશૈલી અને વિકાસયાત્રાને નજીકથી જાણવાની અનોખી તક આપે છે.



તા. 23 મે થી 1 જૂન, 2026 દરમિયાન યોજાયેલા યુવા સંગમ ફેઝ-6 અંતર્ગત દેશભરમાંથી પસંદ કરાયેલા યુવાનોમાં ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાર્થિની તરીકે મને પણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો. ગુજરાતની ધરતી પરથી ઓડિશાની યાત્રા માત્ર એક શૈક્ષણિક પ્રવાસ નહોતી, પરંતુ ભારતને વધુ નજીકથી સમજવાની અને પોતાની અંદર રહેલા રાષ્ટ્રભાવને અનુભવવાની એક અનોખી સફર હતી.

આઈ.આઈ.એમ. અમદાવાદના સંકલન અને એન.આઈ.ટી. રાઉરકેલાના યજમાનપદ હેઠળ યોજાયેલી આ યાત્રાએ મને સમજાવ્યું કે ભારતની સાચી ઓળખ તેની વિવિધતામાં રહેલી એકતામાં છે. જુદીજુદી ભાષાઓ, પરંપરાઓ અને જીવનપદ્ધતિઓ ધરાવતા લોકો વચ્ચે રહીને મેં અનુભવ્યું કે ભૌગોલિક અંતર ભલે હોય, પરંતુ ભારતીયત્વની લાગણી આપણને એક અતૂટ બંધનમાં જોડે છે.

## 1. અધ્યાત્મ અને વારસાનો અદ્ભૂત સંગમ

યાત્રાનો સૌથી ભાવુક અને યાદગાર પ્રસંગ તા. 27 મે, 2026ના રોજ થયેલી જગન્નાથપુરીની મુલાકાત હતો. આ મુલાકાત મૂળ કાર્યક્રમનો ભાગ નહોતી, પરંતુ ઓડિશાના માનનીય રાજ્યપાલના વિશેષ સહયોગથી અમને આ દિવ્ય તક પ્રાપ્ત થઈ. અધિક માસ અને એકાદશીના પવિત્ર દિવસે પુરી પહોંચતાં જ આકાશમાં ગાજતાં વાદળો અને વીજળીના કડાકાએ જાણે અમારું સ્વાગત કર્યું હોય તેવી અનુભૂતિ થઈ. ભગવાન જગન્નાથના દર્શન દરમિયાન મનમાં એક અનોખી શાંતિ અને ભક્તિનો અનુભવ થયો.

આ ઉપરાંત, કોણાર્કના સૂર્યમંદિરની ભવ્ય શિલ્પકલા જોઈને પ્રાચીન ભારતની વૈજ્ઞાનિક દૃષ્ટિ, સ્થાપત્યકલા અને કલાત્મક કુશળતા પ્રત્યે ગૌરવની લાગણી જન્મી. પથ્થરોમાં કંડારાયેલો ઇતિહાસ જાણે આજે પણ આપણને પોતાની સમૃદ્ધ સંસ્કૃતિની યાદ અપાવે છે.

## 2. સંસ્કૃતિથી સંવાદ સુધી

સુન્દરગઢના આદિવાસી સમુદાયો વચ્ચે વિતાવેલો સમય મારા માટે સમગ્ર યાત્રાનો સૌથી હૃદયસ્પર્શી અનુભવ રહ્યો. તેમની સરળતા, નિખાલસતા અને અતિથિ પ્રત્યેનો સ્નેહ મને આજે પણ યાદ છે. જ્યારે તેમણે અમને તેમના પરંપરાગત નૃત્યના પગલાં શીખવ્યાં અને બદલામાં અમે તેમને ગુજરાતનો ગરબા શીખવ્યો, ત્યારે ભાષાની તમામ મર્યાદાઓ ઓગળી ગઈ હતી.



જ્યારે અમારી મુલાકાત પૂર્ણ થવા આવી હતી અને અમે વિદાય લઈને પરત ફરવાની તૈયારીમાં હતા, ત્યારે એક આદિવાસી બહેને પ્રેમથી કહ્યું, "હજુ થોડા સ્ટેપ્સ શીખી લો." અમે તેમની સાથે પહેલેથી જ નૃત્ય કર્યું હતું, એકબીજાને વિદાય પણ આપી દીધી હતી, છતાં તેમના આ શબ્દોમાં રહેલો સ્નેહ મને સ્પર્શી ગયો. તે ક્ષણે મને લાગ્યું કે હું કોઈ અજાણી મહેમાન નહોતી, પરંતુ તેમના પરિવારનો જ એક હિસ્સો બની ગઈ હતી. ભાષા, પ્રદેશ અને સંસ્કૃતિના તમામ ભેદો જાણે એ એક વાક્યમાં ઓગળી ગયા હતા.

### 3. નવીનતા, વિકાસ અને યુવાનોની શક્તિ

ટેકનોલોજીના વિદ્યાર્થી તરીકે એન.આઇ.ટી. રાઉરકેલાના FTBI (Foundation for Technology and Business Incubation) સેન્ટરની મુલાકાત મારા માટે અત્યંત પ્રેરણાદાયી રહી. ત્યાં વિદ્યાર્થીઓ નવીન વિચારોને વાસ્તવિક ઉકેલોમાં પરિવર્તિત કરતા હતા. આ અનુભવથી સમજાયું કે ટેકનોલોજીનો સાચો હેતુ માત્ર મશીનો બનાવવાનો નથી, પરંતુ માનવજીવનને વધુ સારું બનાવવાનો છે.




રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટની મુલાકાતે ભારતની ઔદ્યોગિક પ્રગતિનો પરિચય કરાવ્યો, જ્યારે બિરસા મુંડા આંતરરાષ્ટ્રીય હોકી સ્ટેડિયમે દેશની રમતગમત ક્ષેત્રે વધતી શક્તિનો અનુભવ કરાવ્યો. આ બધું જોઈને મને સમજાયું કે સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે આધુનિકતા અને પરંપરા બંને સાથે આગળ વધે.

### 4. પ્રેરણાદાયી મુલાકાતો અને જીવનપાઠ

ઓડિશાના રાજ્યપાલ સાથેની મુલાકાત પણ આ યાત્રાની વિશેષ ઉપલબ્ધિઓમાંની એક હતી. તેમની સાથે થયેલી ચર્ચાએ મને યુવા નાગરિક તરીકે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી વિશે વધુ ગંભીરતાથી વિચારવા પ્રેરિત કર્યું. યુવાનો માત્ર દેશનું ભવિષ્ય નથી, પરંતુ વર્તમાનમાં પરિવર્તન લાવનારી શક્તિ પણ છે — આ સંદેશ મને આ મુલાકાતમાંથી મળ્યો.






યુવા સંગમે મને શીખવ્યું કે ભારતને પુસ્તકોમાં વાંચી શકાય, પરંતુ તેને સાચા અર્થમાં સમજવા માટે ભારતને જીવવું પડે. વિવિધ ભાષાઓ બોલતા, જુદી પરંપરાઓ ધરાવતા અને અલગ પૃષ્ઠભૂમિમાંથી આવેલા યુવાનો સાથેનો સંવાદ મને સમજાવી ગયો કે આપણી વિવિધતા જ આપણી સૌથી મોટી શક્તિ છે.

### 5. કૃતજ્ઞતા અને સંકલ્પ

આ યાત્રા માટે હું ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' પહેલ, આઈ.આઈ.એમ. અમદાવાદ અને એન.આઈ.ટી. રાઉરકેલાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સાથે જ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રાપ્ત મૂલ્યો અને શિક્ષણ પણ આ સમગ્ર અનુભવ દરમિયાન મારી સાથે રહ્યાં.




જ્યારે હું ગુજરાત પાછી ફરી, ત્યારે મારી પાસે માત્ર ફોટોગ્રાફ્સ કે સ્મૃતિઓ નહોતી; મારી સાથે ભારતનું એક વિશાળ, જીવંત અને સ્પંદનશીલ ચિત્ર હતું. યુવા સંગમે અજાણ્યા લોકોને મિત્રો બનાવ્યા, મિત્રોને પરિવાર બનાવ્યા અને મારા મનમાં રાષ્ટ્રપ્રેમની નવી જ્યોત પ્રગટાવી.

આ યાત્રાએ મને એક વાત શીખવી છે — આપણે ભાષા, વેશભૂષા અને પરંપરાઓમાં ભલે જુદાં હોઈએ, પરંતુ આપણાં સપનાં, લાગણીઓ અને રાષ્ટ્રપ્રેમ આપણને એકસૂત્રે બાંધે છે. કદાચ એ જ **'એક ભારત, શ્રેષ્ઠ ભારત'**નો સાચો અર્થ છે.

# પ્રવૃત્તિ-દર્પણ

- અદ્વૈતા દવે

## અભ્યાસક્રમ સંરચના કાર્યશાળા - 2026

ધ્વનિલ પારેખ






રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત અભ્યાસક્રમનું મહત્ત્વ અનેકગણું સ્વીકારવામાં આવ્યું છે. જે અભ્યાસક્રમ ઘડવામાં આવે છે એના વિશે અભ્યાસક્રમ સમિતિ દર છ મહિને ચિંતન કરે છે. ગૂજરાત વિદ્યાપીઠ એક શૈક્ષણિક સંસ્થા તરીકે છેલ્લા બે વર્ષથી અભ્યાસક્રમ સંરચના કાર્યશાળાનું આયોજન જૂન મહિનામાં કરતી આવી છે. અને **22, 23 જૂન, 2026** દરમિયાન ત્રીજી કાર્યશાળાનું આયોજન એકેડેમિક વિભાગ દ્વારા મોરારજી દેસાઈ મંડપમ્ ખાતે કરવામાં આવી હતી.

આદરણીય કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન 22 તારીખે કરવામાં આવ્યું હતું. એકેડેમિક શાખાના અધ્યક્ષ અમીષાબહેને એક વિસ્તૃત ભૂમિકા આખા આયોજનની આપી હતી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ ક્યાં છે એની વાત પણ કરી હતી. IQAC ના અધ્યક્ષ પ્રેમાનંદ મિશ્રાએ પણ અભ્યાસક્રમની અગત્યતા અને મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. કોમ્પ્યૂટર સાયન્સ વિભાગના અધ્યક્ષ અજયભાઈ પરીખે પોતાનું એક નાનકડું પ્રેઝન્ટેશન આ સંદર્ભે રજૂ કર્યું હતું.

ઉદ્‌ઘાટન બેઠક બાદ 22 તારીખે દરેક વિભાગના અધ્યાપકોએ VAC, AEC, MDC, SEC -અભ્યાસક્રમ અંગે વિચારણા કરી હતી અને દરેક વિભાગ ઉપરોક્ત પ્રશ્નપત્ર અંતર્ગત કયા અભ્યાસને આવરી લેશે એની સઘન ચર્ચા કરી હતી. ભોજન પછીની બેઠકમાં દરેક અભ્યાસક્રમના માળખા વિશે વિચારણા કરવામાં આવી. પ્રત્યેક પ્રોગ્રામમાં VAC, AEC, MDC, SEC -અભ્યાસક્રમ કેટલા ક્રેડિટના અને કયા સત્ર દરમિયાન આપવામાં આવશે, એ વિશે વિચારણા કરવામાં આવી હતી. ચા વિરામ પછી આખા દિવસ દરમિયાન વિભાગને સોંપવામાં આવેલ કાર્ય અંતર્ગત કેટલું કાર્ય થયું અને કેટલું કાર્ય બાકી રહ્યું, એની છણાવટ કરવામાં આવી હતી. દરેક વિભાગના પ્રતિનિધિ અધ્યાપકે આવીને એમની રજૂઆત કરી હતી, જેથી ચિત્ર સ્પષ્ટ થતું જતું હતું.

23 જૂનના દિવસે પ્રારંભે અમીષાબહેને ગૂજરાત વિદ્યાપીઠની કેટલીક આંકડાકીય વિગતોનું નિદર્શન કર્યું હતું. પ્રકાશન પ્રવૃત્તિ, સંશોધન પ્રવૃત્તિ, સેમિનાર આયોજન વગેરેમાં દરેક વિભાગની ભૂમિકા અહીં રજૂ થઈ હતી અને એ દ્વારા સમગ્ર ગૂજરાત વિદ્યાપીઠની શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. ત્યારબાદની બેઠકમાં દરેક વિભાગે પોતાના અભ્યાસક્રમનું પુનઃ મૂલ્યાંકન કર્યું. જે તૈયાર થયેલ અભ્યાસક્રમમાં ક્યા સુધારા-વધારા જરૂરી છે, કયા નવા પ્રશ્નપત્રો દાખલ કરવામાં આવશે. એની વિભાગ પ્રમાણે વિગતે ચર્ચા કરવામાં આવી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ જ આ રહ્યો છે, કે અભ્યાસક્રમ સતત અપડેટ થતો રહે અને ગૂજરાત વિદ્યાપીઠ એ હેતુને પૂર્ણ કરવા માટે કટિબદ્ધ હોય એમ આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચા-વિરામ પછી પુનઃ દરેક વિભાગ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. અભ્યાસક્રમ અંતર્ગત કેટલા ટકા સુધારા-વધારા થયા, અભ્યાસક્રમ સંદર્ભે વિદ્યાર્થીઓએ આપેલા પ્રતિભાવોની છણાવટ, તથા ક્યા પ્રશ્નપત્રો દાખલ થયા વગેરે પાસાંને ધ્યાનમાં રાખીને આ રજૂઆત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યશાળાનું આયોજન કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એકેડેમિક શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યશાળાના અંતે સમૂહ તસવીર લેવામાં આવી હતી અને અમીષાબહેને સહુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



# શૈક્ષણિક વર્ષ 2026-27ની પ્રવેશ પ્રક્રિયા :

– પ્રવેશ સમિતિ

## સુઆયોજિત આયોજન, વ્યાપક પહોંચ અને સફળ અમલીકરણ

શૈક્ષણિક વર્ષ 2026-27 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠે પ્રવેશ પ્રક્રિયાને માત્ર વહીવટી કાર્ય તરીકે નહીં, પરંતુ વિદ્યાપીઠના ગાંધી શિક્ષણદર્શન, પારદર્શિતા, સમાવેશિતા અને વિદ્યાર્થીકેન્દ્રિત અભિગમના જીવંત પ્રતિબિંબ તરીકે સફળતાપૂર્વક અમલમાં મૂકી. કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલના સતત માર્ગદર્શન અને પ્રવેશ સમિતિના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર પ્રવેશ અભિયાન સુવ્યવસ્થિત આયોજન, આધુનિક ટેકનોલોજી અને કાર્યક્ષમ સંકલન સાથે પૂર્ણ થયું.

પ્રવેશ સંબંધિત તમામ નીતિ-નિયમો, જવાબદારીઓનું વિતરણ તથા સમયબદ્ધ આયોજન નક્કી કરવા માટે પ્રવેશ સમિતિની રચના કરવામાં આવી જેમાં વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ, વિદ્યાકીય શાખા, આઈ.ટી. વિભાગ તથા વહીવટી અધિકારીઓને જોડીને સમગ્ર પ્રક્રિયાને સંકલિત સ્વરૂપ આપવામાં આવ્યું. પરિણામે પ્રવેશ પ્રક્રિયાના દરેક તબક્કામાં સ્પષ્ટ જવાબદારી અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત થયું.



વિદ્યાર્થીઓને સરળ અને સચોટ માહિતી ઉપલબ્ધ થાય તે માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિગતવાર પ્રવેશ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી. તેમાં યુ.જી.સી.ના નિયમો, ગૂજરાત વિદ્યાપીઠના અધિનિયમો, નવી શિક્ષણ નીતિ (NEP–2020), અભ્યાસક્રમોની વિગતો, પ્રવેશ પ્રક્રિયા, પાત્રતા, તેમજ વિદ્યાપીઠના ગાંધી મૂલ્યો – સમુદાય સેવા, સ્વાવલંબન, ગ્રામવિકાસ, ચારિત્ર્ય નિર્માણ અને સર્વાંગી વિકાસ – નો સમાવેશ કરવામાં આવ્યો. આ માર્ગદર્શિકા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક વિશ્વસનીય માહિતીપુસ્તિકા બની.

વર્ષ ૨૦૨૬ની પ્રવેશ પ્રક્રિયા ત્રણ તબક્કામાં સંપૂર્ણપણે ડિજિટલ આધારિત બનાવવામાં આવી અને 22 માર્ચથી 8 મે સુધી પ્રથમ તબક્કાની ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવી હતી .

**તા 10/05/2026 ના રોજ પ્રથમ તબક્કાની ગીતા પ્રવેશ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું.**

10 મેના રોજ GEETA (Gujarat Vidyapith Eligibility and Efficacy Test) પરીક્ષાનું આયોજન ગુજરાતના 34 જિલ્લામાં 25 કેન્દ્રો ઉપર અને ગુજરાત બહારનાં રાજ્યોનાં 9 રાજ્યોમાં કરવામાં આવ્યું. જેમાં ગુજરાત રાજ્યનાં 1063 વિદ્યાર્થી અને અન્ય રાજ્યના 54 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ તા 10 મેના રોજ 4 વાગે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પસંદગી પામેલ વિદ્યાર્થીઓની યાદી, કાઉન્સેલિંગ, હોસ્ટેલ અને શૈક્ષણિક ફી માટે portal ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું.

**પીએચ.ડી. પ્રવેશ**

યુજીસી-નેટ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની તા. 14/05/2026ના રોજ GDPI તથા અન્ય જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને કુલ 27 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો

ગીતા પ્રવેશ કસોટી તબક્કો -2 નું આયોજન તા.23/3/2026 ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં 154 પ્રવેશ ઉત્સુક વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.

ત્રીજા તબક્કામાં તા 25/5/2026 થી ગીતા પ્રવેશ કસોટી થકી સીધો પ્રવેશ આપવાનું કાર્ય ચાલુ છે.

આ સમગ્ર પ્રક્રિયા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-2020)ના સિદ્ધાંતોને અનુરૂપ પારદર્શક અને સમયબદ્ધ રીતે પૂર્ણ થઈ.


પ્રવેશ અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારો, પ્રવેશ જાગૃતિ અભિયાન, ઓનલાઈન પ્રવેશ પોર્ટલ, આઈ.ટી. સહાય, પરીક્ષા કેન્દ્રોનું સંકલન, અનુવાદ કાર્ય, પ્રચાર-પ્રસાર તેમજ વિદ્યાર્થીઓ માટે માહિતી અને માર્ગદર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી. ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઓનલાઈન અને ઓફલાઈન, બંને માધ્યમો દ્વારા સતત સમીક્ષા, પ્રતિસાદ અને સંકલન જાળવી રાખવામાં આવ્યું, જેના પરિણામે પ્રવેશ પ્રક્રિયા સરળ, ઝડપી બની.



આ વર્ષ દરમિયાન કુલ 44 અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. કુલ 17 રાજ્યોમાંથી 1683 અરજીઓ પ્રાપ્ત થઈ, જેમાંથી 1241 ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષા આપી અને અંતે 918 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.

## રાજ્ય મુજબ અરજીઓ

અરજદારો 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવે છે. ગુજરાત સ્થિત સંસ્થા માટે અપેક્ષા મુજબ, મોટા ભાગના અરજદારો ગુજરાતમાંથી જ છે, જ્યારે 108 અરજીઓ (6.4%) — ખાસ કરીને આસામ અને ઉત્તર-પૂર્વ ભારતમાંથી — અન્ય રાજ્યોમાંથી પ્રાપ્ત થઈ છે.




| રાજ્ય | અરજીઓ | હિસ્સો |
|---|---|---|
| ગુજરાત | 1,575 | 93.6% |
| આસામ | 39 | 2.3% |
| રાજસ્થાન | 13 | 0.8% |
| અરુણાચલ પ્રદેશ | 12 | 0.7% |
| બિહાર | 7 | 0.4% |
| અન્ય (12 રાજ્યો) | 37 | 2.2% |
| **કુલ (17 રાજ્યો)** | **1,683** | **100%** |

## જ્ઞાતિ વર્ગ મુજબ અરજીઓ

અરજદાર સમૂહ વ્યાપક સામાજિક પ્રતિનિધિત્વ દર્શાવે છે. અનામત વર્ગો (OBC, ST, SC અને EWS) મળીને તમામ અરજીઓના 80.5% હિસ્સો ધરાવે છે, જેમાં OBC અને ST અરજદારો બે સૌથી મોટા જૂથો છે. આ વિતરણ સંસ્થાની વિવિધ સમુદાયો સુધીની વ્યાપક પહોંચ દર્શાવે છે.






## વિવિધ વર્ગની અરજીઓ

વિવિધ વર્ગની અરજીઓમાં લિંગ વિતરણ લગભગ સંતુલિત છે, જેમાં પુરુષ અરજદારો સ્ત્રી અરજદારો કરતાં થોડા આગળ છે અને નાની સંખ્યા અન્ય તરીકે ઓળખાય છે. આ લગભગ સમાનતા મોટા ભાગના મુખ્ય અભ્યાસક્રમોમાં જળવાય છે, જોકે વ્યક્તિગત કાર્યક્રમોમાં લિંગ મિશ્રણ અલગ-અલગ હોય છે.

| લિંગ | અરજીઓ | હિસ્સો |
|---|---|---|
| પુરુષ | 845 | 50.2% |
| સ્ત્રી | 833 | 49.5% |
| અન્ય | 5 | 0.3% |
| **કુલ** | **1,683** | **100%** |

## મુખ્ય અવલોકનો

1. વ્યાવસાયિક કાર્યક્રમો માગમાં અગ્રેસર — B.Ed., M.C.A., B.C.A. અને શારીરિક શિક્ષણ અભ્યાસક્રમો યાદીમાં ટોચ પર છે.
2. મજબૂત પ્રાદેશિક પાયો — 93.6% અરજીઓ ગુજરાતમાંથી આવે છે, જે સંસ્થાના મુખ્ય વિસ્તારની પુષ્ટિ કરે છે, જ્યારે આસામ અને ઉત્તર-પૂર્વમાંથી સતત આવક બહારની વધતી રુચિ દર્શાવે છે.
3. સમાવેશી સામાજિક રૂપરેખા — અનામત વર્ગો અરજદારોના ચાર-પંચમાંશથી વધુ હિસ્સો ધરાવે છે, જેમાં OBC (32.6%) અને ST (31.3%) સૌથી મોટા છે.
4. સંતુલિત લિંગ ભાગીદારી — પુરુષ અને સ્ત્રી અરજદારોની સંખ્યા લગભગ સમાન છે (50.2% વિરુદ્ધ 49.5%).



રાજ્યવાર વિશ્લેષણ દર્શાવે છે કે કુલ અરજીઓમાંથી 93.6 ટકા અરજીઓ ગુજરાત રાજ્યમાંથી પ્રાપ્ત થઈ હતી, જ્યારે આસામ, અરુણાચલ પ્રદેશ, રાજસ્થાન, બિહાર સહિત અન્ય રાજ્યોમાંથી પણ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. આ પ્રવાહ ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સ્તરે વધતી લોકપ્રિયતા અને ઉત્તર-પૂર્વ ભારત સહિત વિવિધ પ્રદેશોમાં તેની સ્વીકાર્યતાને પ્રતિબિંબિત કરે છે.

સામાજિક સમાવેશિતાના દૃષ્ટિકોણથી પણ પ્રવેશ પ્રક્રિયાએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી. કુલ અરજીઓમાં OBC, ST, SC અને EWS વર્ગોના વિદ્યાર્થીઓનો સંયુક્ત હિસ્સો 80.5 ટકા રહ્યો હતો, જે વિદ્યાપીઠની સર્વસમાવેશક શિક્ષણ નીતિ અને વંચિત વર્ગો સુધી શિક્ષણ પહોંચાડવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. સાથે જ પુરુષ અને મહિલા અરજદારોનું પ્રમાણ લગભગ સમાન રહ્યું, જે ઉચ્ચ શિક્ષણમાં સમાન તકોનું ઉત્તમ ઉદાહરણ છે.

આમ, વર્ષ 2026-27ની પ્રવેશ પ્રક્રિયા ગૂજરાત વિદ્યાપીઠ માટે માત્ર સંખ્યાત્મક સફળતા નહીં પરંતુ ગુણવત્તા, પારદર્શિતા, સમાવેશિતા અને ગાંધી મૂલ્યો પર આધારિત શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ દસ્તાવેજ બની છે. કુલપતિશ્રીના માર્ગદર્શન, પ્રવેશ સમિતિના સુચારુ આયોજન, વિવિધ વિદ્યાશાખાઓ, આઈ.ટી. વિભાગ અને સમગ્ર સ્ટાફના સમર્પિત પ્રયાસોથી ગૂજરાત વિદ્યાપીઠે વિદ્યાર્થીઓને સરળ, વિશ્વસનીય અને વિદ્યાર્થીકેન્દ્રિત પ્રવેશ વ્યવસ્થા પ્રદાન કરી છે. આ સફળતા ભવિષ્યમાં વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુણવત્તાસભર શિક્ષણના કેન્દ્ર તરીકે ગૂજરાત વિદ્યાપીઠની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવશે.

## અંતિમ સ્થિતિ




## પ્રવેશ સમિતિ

| Sr. No. | Name | Designation | Role in Admission Committee |
|---|---|---|---|
| 1 | Prof. Ajay Parikh | Dean, ICT Faculty | Chairman, Admission Committee |
| 2 | Dr. Nikhil Bhatt | Dean, Science & Applied Science Faculty | Member |
| 3 | Dr. Rajiv Patel | Dean, Management Faculty | Member |
| 4 | Dr. Kanaiyalal Nayak | Dean, Social Sciences Faculty | Member |
| 5 | Dr. Dahyabhai Patel | Dean, Education Faculty | Member |
| 6 | Dr. Prabhulal Kasundra | Dean, Physical Education & Sports Science Faculty | Member |
| 7 | Dr. Sanjay Makwana | Dean, Languages & Literature Faculty | Member |
| 8 | Mr. Sunny Thomas | IT Department | Member |
| 9 | Dr. Kaushik Patel | Faculty Member | Invited Member |
| 10 | Ms. | PPR Branch | Invited Member |
| 11 | Mr. Pradeep Patel | Committee Member | Invited Member |
| 12 | Ms. Amisha Shah | Head, Academic Branch | Member secretory |

## જાહેર પરિવહનના ઉપયોગ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ (05/06/2026)






ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી પર્યાવરણ સંરક્ષણ અને ઇંધણ બચતની અપીલને આત્મસાત કરતાં ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર દ્વારા સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી એક પ્રેરણાદાયી પહેલ હાથ ધરવામાં આવી.

વાપી ખાતે યોજાયેલી ગૂજરાત વિદ્યાપીઠની ટ્રસ્ટી મંડળની બેઠકમાં ભાગ લેવા માટે ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ તથા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ટ્રસ્ટી અને પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી, અન્ય ટ્રસ્ટીગણ તેમજ કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જાહેર પરિવહનના સાધન તરીકે રેલવેનો ઉપયોગ કરી મુસાફરી કરી હતી.

માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ઇંધણ બચત અને જાહેર પરિવહનના ઉપયોગ અંગે કરવામાં આવેલી અપીલને આત્મસાત કરતાં વિદ્યાપીઠના અગ્રણીઓએ પોતાના આચરણ દ્વારા સમાજ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. જવાબદાર નાગરિક તરીકેની તેમની આ સજાગતા અને સાદગીપૂર્ણ વર્તન પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા કર્તવ્યનિષ્ઠાનો સંદેશ આપે છે.

વિદ્યાપીઠના આગેવાનોની આ પહેલ સમાજમાં પર્યાવરણમૈત્રી જીવનશૈલી અને જાહેર પરિવહનના વ્યાપક ઉપયોગ માટે પ્રેરણારૂપ બની છે.

# સામયિક સંવાદ : PRASAR યોજનાનો પ્રારંભ

- પ્રદીપ પટેલ

## પ્રિન્ટ સામયિકોને ડિજિટલ કરવાની નવીન પહેલ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને મૅગેઝિન ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત સામયિક સંવાદ "પ્રસાર (PRASAR – Periodical Resource Access & Scholarly Archive Repository)" પરિચય કાર્યક્રમ તા. 28/06/2026 ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના UHP હૉલ ખાતે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મૅગેઝિન ક્લબ, અમદાવાદના પ્રમુખ શ્રી પી. કે. લહેરી ઉપસ્થિત રહ્યા હતા, ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ સામયિકોના પ્રકાશકશ્રીઓ, સંપાદકશ્રીઓ, તેમજ તંત્રીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ 50થી વધુ પ્રકાશકો, તંત્રીઓ, સંપાદકો સહભાગી થયા હતા.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પ્રિન્ટ સ્વરૂપે પ્રકાશિત થતાં સામયિકોના ડિજિટાઈઝેશન, ડિજિટલ સંરક્ષણ અને જ્ઞાનના વ્યાપક પ્રસાર માટે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વિકસાવવામાં આવેલી PRASAR (Periodical Resource Access & Scholarly Archive Repository) યોજનાનો પરિચય કરાવવાનો તેમજ ડિજિટાઈઝેશન ક્ષેત્રે શરૂ કરવામાં આવેલી કન્સલ્ટન્સી સેવાઓ વિશે માહિતી આપવાનો હતો.




કાર્યક્રમની શરૂઆત શ્રી જગદીશભાઈ પરીખ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.

શ્રી ભીમજીભાઈ નાકરાણીએ મૅગેઝિન ક્લબ, અમદાવાદનો પરિચય આપી સંસ્થાની પ્રવૃત્તિઓ અને સામયિક ક્ષેત્રે તેના યોગદાન અંગે માહિતી આપી હતી.

ડૉ. પ્રદીપભાઈ પટેલ દ્વારા ગ્રંથાલયની સેવાઓ અને પ્રવૃતિઓ વિશે પરિચય આપવામાં આવ્યો અને PRASAR યોજનાની માહિતી આપતું પ્રેઝેન્ટેશન આપવામાં આવ્યું. જેમાં આજના ડિજિટલ યુગમાં પ્રિન્ટ સામયિકોના સંરક્ષણની આવશ્યકતા, ગુજરાતી સામયિકોની વર્તમાન સ્થિતિ તથા ડિજિટાઇઝેશનની અનિવાર્યતા અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી.

ડૉ. વિરલ આસજોલા દ્વારા વિદ્યાપીઠ ત્રૈમાસિકનો લાઈવ ડેમો આપવામાં આવ્યો. PRASAR યોજનાની કાર્યપદ્ધતિ, સામયિકોના ડિજિટાઇઝેશનની પ્રક્રિયા, ડિજિટલ આર્કાઇવિંગ, મેટાડેટા નિર્માણ તેમજ ડિજિટલ માધ્યમ દ્વારા સામયિકોને વાચકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી.



ઉક્ત પ્રસ્તુતિ બાદ ઉપસ્થિત પ્રકાશકો અને સંપાદકો સાથે પ્રશ્નોત્તરી તથા સંવાદ સત્ર યોજાયું હતું, જેમાં યોજનાના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિતોએ યોજનામાં રસ દાખવી પોતાના સૂચનો અને અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા.

મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરતાં માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે જણાવ્યું કે જ્ઞાનનું સર્જન જેટલું મહત્ત્વનું છે, એટલું જ તેનું સંરક્ષણ અને વ્યાપક પ્રસાર પણ જરૂરી છે. તેમણે જણાવ્યું કે ગૂજરાત વિદ્યાપીઠ મહાત્મા ગાંધીજીના જ્ઞાન અને સમાજસેવાના આદર્શોને અનુસરીને સમયની જરૂરિયાત મુજબ સતત નવી પહેલ કરી રહ્યું છે. ડિજિટલ યુગમાં જ્ઞાનને વધુ સુલભ અને સુરક્ષિત બનાવવાની દિશામાં PRASAR યોજના મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો.




કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી શ્રી પી. કે. લહેરીએ મેગેઝીન ક્લબ, અમદાવાદની પ્રવૃત્તિઓ વિશે તથા ગુજરાતી સામયિકોની સમૃદ્ધ પરંપરા અને તેમના સંરક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના અનેક મૂલ્યવાન સામયિકો આજે પણ માત્ર પ્રિન્ટ સ્વરૂપમાં ઉપલબ્ધ હોવાથી તે સંશોધકો અને ભાવિ પેઢી સુધી સરળતાથી પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં ડિજિટાઇઝેશન માત્ર સમયની માંગ જ નહીં, પરંતુ જ્ઞાનવારસાના સંરક્ષણ માટેની જવાબદારી પણ છે.





કાર્યક્રમના સંવાદ સત્રમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ ગુજરાતી સામયિકોના ડિજિટાઇઝેશન, કૉપિરાઇટ, ડિજિટલ સંરક્ષણ, ઓપન ઍક્સેસ, ઇન્ડેક્સિંગ અને સંસ્થાઓ વચ્ચેના સહયોગ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યા. ઉપસ્થિત સૌએ PRASAR જેવી પહેલને વર્તમાન સમયની જરૂરિયાત ગણાવી અને ભવિષ્યમાં આ કાર્ય સાથે જોડાવાની તૈયારી દર્શાવી.

અંતમાં ડૉ. રંજન મકવાણાએ ઉપસ્થિત મહેમાનો, પ્રકાશકો, પ્રતિનિધિઓ તથા કાર્યક્રમના સફળ આયોજનમાં સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.




સુશ્રી ગાયત્રી પ્રજાપતિએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. PRASAR માત્ર ગૂજરાત વિદ્યાપીઠની પહેલ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર ગુજરાતી જ્ઞાનજગત માટે ડિજિટલ સંરક્ષણ, શૈક્ષણિક સહયોગ અને વૈશ્વિક જ્ઞાનપ્રસારનું એક વિશ્વસનીય માધ્યમ બનશે. આ પહેલ દ્વારા ગુજરાતી જ્ઞાનવારસાનું સંરક્ષણ થશે, સંશોધનને નવી દિશા મળશે અને ભાવિ પેઢીઓ માટે અમૂલ્ય જ્ઞાનસંપદા સુરક્ષિત રહેશે.
















- ચાર્મી પંચાલ

**SWAPNA: SWABHIMAN PROJECT FOR NURTURING APTITUDE** – એ ગૂજરાત વિદ્યાપીઠની એક અનોખી પહેલ છે, જે મહાત્મા ગાંધીના સ્વાશ્રય, સ્વાભિમાન અને સ્વાધીનતાના સ્વપ્નોને જીવંત રાખવાનો, તેનું જતન અને સંવર્ધન કરવાનો એક પ્રયત્ન છે. વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતાના ગુણો વિકસે, શ્રમની ગરિમા જળવાય અને સ્વાલંબનના ગુણ કેળવાય તે હેતુથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટમાં જોડાયેલ વિદ્યાર્થીને પરિસર પર વિવિધ પ્રકારનાં કામ કરીને "Earning while Learning"ની તક સાંપડે છે. મે - જૂન 2026 દરમિયાન આયોજિત આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા 30 ભાઇઓ-બહેનોની પસંદગી કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓએ વેકેશન દરમિયાન ઘરે બેસી આરામ કરવાને બદલે વિદ્યાપીઠના પરિસર પર રહીને વિવિધ ક્ષેત્રે કામ કરીને "Earning while Learning"ના અભિગમને પ્રાધાન્ય આપ્યું અને વિદ્યાપીઠ પરિસરને સ્વાશ્રયની પાઠશાળા બનાવી- તે સૌ માટે અત્યંત ગૌરવ અને આનંદની વાત છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બહેનોની ટુકડીએ અમદાવાદ પરિસર અને ભાઇઓની ટુકડીએ રાંધેજા પરિસર પર શ્રમદાન દ્વારા પરિસરની સ્વચ્છતા, સફાઇ અને સુશોભનને લગતા વિવિધ કાર્યો હાથ ધર્યાં હતાં.

વિદ્યાર્થીઓને દરરોજના મહત્તમ 6 કલાકના કાર્ય મુજબ પ્રતિ કલાક રૂ. 60 લેખે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ સામાજિક અને સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ભાઇઓ દ્વારા રાંધેજા કેમ્પસમાં ચિલ્ડ્રન કાર્ડની સફાઇ, હોસ્પીટલની સફાઇ, ભાઇઓના હોસ્ટેલની સફાઇ, કેવીકે ક્વાર્ટરની સફાઇ, ગ્રંથાલયની સફાઇ, જીમ્નેશિયમ હોલની સફાઇ, કન્યા છાત્રાલય તથા ગાર્ડનની સફાઇ, એમ.બી.એ ડિપાર્ટમેન્ટની સફાઇ, નવી પાણીની ટાંકીની આજુબાજુની સફાઇ, ડીપી જોડેની સફાઇ, નવી હોસ્ટેલની સફાઇ, બાંકડા ફેરવણી, ઢાળિયા ફેરવણી, સ્કુલની સફાઇ રસોડાની સફાઇ કરવામાં આવી. બહેનો દ્વારા અમદાવાદ પરિસરમાં કન્યાછાત્રાલયની સફાઇ, કલામંદિરની સફાઇ, ભાઇઓની હોસ્ટેલની સફાઇ, અમદાવાદ પરિસરના તમામ રસ્તાઓની સફાઇ, વારલી પેન્ટીંગ, ખાદીસૂત્ર તૈયાર કરવાની કામગીરી, તકિયાના કવર તથા ચાદર ગોઠવણી, રૂમ પ્રમાણે ગાદલાં, તકિયાની ગોઠવણી, લોબીની સફાઇ, કરવામાં આવી.

વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસ સ્વચ્છતા અભિયાન, વિવિધ વિભાગોમાં વ્યવસ્થાપન સંબંધિત કામગીરી કરીને જરૂરી સામગ્રીને ગોઠવવાની અને કાર્યસ્થળને વ્યવસ્થિત રાખવાની કામગીરી કરી હતી. કેમ્પસના હરિયાળા વાતાવરણના વિકાસ માટે બાગાયત અંતર્ગત વૃક્ષો અને છોડની સંભાળ, નિંદામણ તથા સફાઈનું કાર્ય કરવામાં આવ્યું હતું. ઉપરાંત મેન્ટેનન્સ સંબંધિત નાના સમારકામ, સાધનોની જાળવણી અને પરિસરની સંભાળની કામગીરીમાં સહભાગી બન્યા હતા. આ તમામ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, નેતૃત્વ, શિસ્ત, અનુભૂતિ આધારિત શિક્ષણ અને સામાજિક જવાબદારી જેવાં મૂલ્યોનો વિકાસ થયો હતો તથા તેઓને વ્યવહારું અનુભવ પ્રાપ્ત થયો હતો.











## નવા શૈક્ષણિક વર્ષની મંગલમય શરૂઆત




### નવા શૈક્ષણિક વર્ષની શુભ શરૂઆત સાથે વાલી-શિક્ષક સંમેલન (08/06/2026)

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગૂજરાત કુમાર મંદિર અને વિનય મંદિર, અમદાવાદ ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રથમ દિવસે વાલી-શિક્ષક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની વિશેષ ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સંમેલનમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વાલીઓના સૂચનો અને સહભાગિતાથી શાળા અને પરિવાર વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની રચના (19/06/2026)

ગૂજરાત કુમાર મંદિર અને વિનય મંદિરમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની રચના કરવામાં આવી હતી. સમિતિની રચનાનો મુખ્ય હેતુ શાળાના સર્વાંગી વિકાસ, શૈક્ષણિક ગુણવત્તામાં વધારો તથા શાળા સંચાલનમાં વાલીઓ અને સમાજની વધુ અસરકારક ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો.



## અન્ય પ્રવૃત્તિઓ

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ (05/06/2026)



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આદરણીય કુલપતિશ્રી અને અન્ય સેવકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દ્વારા હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણ માટે સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# યોગમય બન્યો વિદ્યાપીઠ પરિવાર (19-21/06/ 2026)



આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષ્યમાં ગૂજરાત વિદ્યાપીઠના યોગ વિભાગ દ્વારા તા. 19 થી 21 જૂન દરમિયાન ત્રિદિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિદ્યાપીઠ પરિવાર ઉપરાંત જાહેર જનતાને પણ જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને યોગના વૈજ્ઞાનિક તથા વ્યાવહારિક પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠમાં યોગ પ્રત્યે વિશેષ ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી. યોગ દિવસના પૂર્વે આચાર્ય કૃપલાની ભવનના નાનાં બાળકો તેમજ ગુજરાત કુમાર વિનય મંદિરના વિદ્યાર્થીઓએ યોગાભ્યાસ કરીને યોગના મહત્ત્વને આત્મસાત કર્યું હતું.

તા. 21 જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, જે. જે. બજાજ નેચરોપથી સેન્ટર, રાંધેજા, દેથલી સ્થિત આશ્રમશાળા તેમજ વિદ્યાપીઠ સંચાલિત અન્ય વિવિધ કેન્દ્રોમાં યોગ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાગ લઈ યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.







## વિવિધ મહત્ત્વની સમિતિઓની બેઠકોનું આયોજન


ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ મહત્ત્વની સમિતિઓની બેઠકો 29 અને 30 જૂન દરમિયાન આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ૨૯ જૂને જ્ઞાન, સંવાદ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણની પરંપરાને વધુ સમૃદ્ધ બનાવવા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને વિદ્યાસભાનું આયોજન થયું હતું.

30 જૂને આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને કાર્યવાહક પરિષદ તથા નાણાં સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકોમાં અભ્યાસક્રમ વિષે સઘન ચર્ચાથી માંડીને મહત્ત્વના નીતિ વિષયક નિર્ણયો કરવામાં આવ્યા હતા.


રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ કાર્યરત રહે એ માટે નાણાકીય બાબતોથી લઈને નીતિ વિષયક ચર્ચાઓ આ બેઠકોમાં કરવામાં આવી હતી. વિવિધ બેઠકોમાં તજજ્ઞશ્રીઓએ મૂલ્યવાન સૂચનો કર્યા હતા.


# વિદ્યાપીઠના નોંધપાત્ર સ્નાતક











# આગામી કાર્યક્રમો




| | |
|---|---|
| 1 July | દીક્ષારંભ, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ બેઠક |
| 3 July | માણભટ્ટ - પરંપરાને સથવારે |
| 27-31 July | હવેલી સંગીત કાર્યશાળા |
| 29 July | ગુરુપૂર્ણિમા, પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયા તબક્કો-2 |

તડકા! તારાં તીર,
વીંધતો જાય કોઈ શિકારી કોયલ-કાબર-કીર.

દૂર ભાઠોડે આંખ માંડીને ઘાસનો વાળ્યો સોથ,
છાંયડા જેવા છાંયડાએ પણ વાડયની લીધી ઓથ;
તરકોશીએ તરસ્યા એમાં ગોતવાં ક્યાંથી નીર?

હળખેડુની ધૂંસરી ઉપર સૂરજ બેઠો હોય,
ભોંયના કૂણા દેહને એની ત્રોફતી તીણી સોય,
પગ પડે તે મલક એનો, જાય ત્યાં ત્યાં જાગીર..

વાયરા સીમે સૂસવે: હડી કાઢતી આ બપ્પોર,
ઝીંક ઝીલે છે તોય ત્યાં પેલી ટેકરીનો ગુલમ્હોર;
ઝૂંટવે તું શું જોર? તું તારે લાવજે તારો પીર..
તડકા! તારાં તીર...

— મનોહર ત્રિવેદી